www.prepp.in

Prepp
Your Personal Exams Guide

**Lang. Code : 06**

इस पुस्तिका में **20** पृष्ठ हैं ।
This booklet contains **20** pages.

# TAJ 19-II

**प्रश्न-पत्र II/ PAPER II**

**गुजराती भाषा परिशिष्ट**
**Gujarati Language Supplement**
**भाग IV & V / PART IV & V**

**परीक्षा पुस्तिका संकेत**
**Test Booklet Code**

**W**

**परीक्षा पुस्तिका संख्या**
**Test Booklet No.**

**इस परीक्षा पुस्तिका को तब तक न खोलें जब तक कहा न जाए ।**
**Do not open this Test Booklet until you are asked to do so.**
**इस परीक्षा पुस्तिका के पिछले आवरण (पृष्ठ 19 व 20) पर दिए निर्देशों को ध्यान से पढ़ें ।**
**Read carefully the Instructions on the Back Cover (Page 19 & 20) of this Test Booklet.**

**गुजराती में निर्देशों के लिए इस पुस्तिका का पृष्ठ 2 देखें । / For instructions in Gujarati see Page 2 of this Booklet.**

## परीक्षार्थियों के लिए निर्देश

1. यह पुस्तिका मुख्य परीक्षा पुस्तिका की एक परिशिष्ट है, उन परीक्षार्थियों के लिए जो या तो भाग IV (भाषा I) **या** भाग V (भाषा II) **गुजराती** भाषा में देना चाहते हैं, लेकिन **दोनों नहीं** ।
2. परीक्षार्थी भाग I एवं भाग II **या** III के उत्तर मुख्य परीक्षा पुस्तिका से दें और भाग IV व V के उत्तर उनके द्वारा चुनी भाषाओं से ।
3. अंग्रेज़ी व हिन्दी भाषा पर प्रश्न मुख्य परीक्षा पुस्तिका में भाग IV व भाग V के अन्तर्गत दिए गए हैं । भाषा परिशिष्टों को आप अलग से माँग सकते हैं ।
4. इस पृष्ठ पर विवरण अंकित करने एवं उत्तर पत्र पर निशान लगाने के लिए **केवल काले/नीले बॉल पॉइंट पेन** का प्रयोग करें ।
5. इस भाषा पुस्तिका का **संकेत** है **W** । यह सुनिश्चित कर लें कि इस भाषा परिशिष्ट पुस्तिका का संकेत, उत्तर पत्र के **पृष्ठ-2** एवं मुख्य परीक्षा पुस्तिका पर छपे संकेत से मिलता है । अगर यह भिन्न हो, तो परीक्षार्थी दूसरी भाषा परिशिष्ट परीक्षा पुस्तिका लेने के लिए निरीक्षक को तुरन्त अवगत कराएँ ।
6. इस परीक्षा पुस्तिका में **दो** भाग IV और V हैं, जिनमें **60** वस्तुनिष्ठ प्रश्न हैं, जो प्रत्येक 1 अंक का है :
   भाग-IV : भाषा I - (गुजराती) (प्र. 91 से प्र. 120)
   भाग-V : भाषा II - (गुजराती) (प्र. 121 से प्र. 150)
7. भाग-IV में भाषा-I के लिए 30 प्रश्न और भाग-V में भाषा-II के लिए 30 प्रश्न दिए गए हैं । इस परीक्षा पुस्तिका में केवल गुजराती भाषा से संबंधित प्रश्न दिए गए हैं । **यदि भाषा-I और/या भाषा-II में आपके द्वारा चुनी गई भाषा(एँ) गुजराती के अलावा है तो कृपया उस भाषा वाली परीक्षा पुस्तिका माँग लीजिए । जिन भाषाओं के प्रश्नों के उत्तर आप दे रहे हैं वह आवेदन पत्र में चुनी गई भाषाओं से अवश्य मेल खानी चाहिए ।**
8. **परीक्षार्थी भाग-V (भाषा-II) के लिए, भाषा सूची से ऐसी भाषा चुनें जो उनके द्वारा भाषा I (भाग-IV) में चुनी गई भाषा से भिन्न हो ।**
9. रफ कार्य परीक्षा पुस्तिका में इस प्रयोजन के लिए दी गई खाली जगह पर ही करें ।
10. सभी उत्तर केवल OMR उत्तर पत्र पर ही अंकित करें । अपने उत्तर ध्यानपूर्वक अंकित करें । उत्तर बदलने हेतु श्वेत रंजक का प्रयोग निषिद्ध है ।

## *INSTRUCTIONS FOR CANDIDATES*

1. This booklet is a supplement to the Main Test Booklet for those candidates who wish to answer **EITHER** Part IV (Language I) **OR** Part V (Language II) in **GUJARATI** language, but **NOT BOTH**.
2. Candidates are required to answer Part I and Part II **OR** III from the Main Test Booklet and Parts IV and V from the languages chosen by them.
3. Questions on English and Hindi languages for Part IV and Part V have been given in the Main Test Booklet. Language Supplements can be asked for separately.
4. Use **Black/Blue Ball Point Pen only** for writing particulars on this page / marking responses in the Answer Sheet.
5. The CODE for this Language Booklet is **W**. Make sure that the CODE printed on **Side-2** of the Answer Sheet and on your Main Test Booklet is the same as that on this Language Supplement Test Booklet. In case of discrepancy, the candidate should immediately report the matter to the Invigilator for replacement of the Language Supplement Test Booklet.
6. This Test Booklet has **two** Parts, IV and V, consisting of **60** Objective Type Questions, each carrying 1 mark :
   Part-IV : Language I - (Gujarati) (Q. 91 to Q. 120)
   Part-V : Language II - (Gujarati) (Q. 121 to Q. 150)
7. Part-IV contains 30 questions for Language-I and Part-V contains 30 questions for Language-II. In this Test Booklet, only questions pertaining to Gujarati language have been given. **In case the language/s you have opted for as Language-I and/or Language-II is a Language other than Gujarati, please ask for a Test Booklet that contains questions on that language. The language being answered must tally with the languages opted for in your Application Form.**
8. **Candidates are required to attempt questions in Part -V (Language-II) in a language other than the one chosen as Language-I (in Part-IV) from the list of languages.**
9. Rough work should be done only in the space provided in the Test Booklet for the same.
10. The answers are to be recorded on the OMR Answer Sheet only. Mark your responses carefully. No whitener is allowed for changing answers.

परीक्षार्थी का नाम (बड़े अक्षरों में) : ____________________
Name of the Candidate (in Capitals) :
अनुक्रमांक : (अंकों में) ____________________
Roll Number : in figures
: (शब्दों में) ____________________
: in words
परीक्षा केन्द्र (बड़े अक्षरों में) : ____________________
Centre of Examination (in Capitals) :
परीक्षार्थी के हस्ताक्षर : ____________ निरीक्षक के हस्ताक्षर : ____________
Candidate's Signature : Invigilator's Signature :
Facsimile signature stamp of
Centre Superintendent ____________________

W

www.prepp.in



**Lang. Code : 06**

આ પુસ્તિકામાં 20 પાનાં છે.

# TAJ 19-II

## પેપર II

## ગુજરાતી ભાષા પરિશિષ્ટ

## ભાગ IV & V

પરીક્ષા પુસ્તિકા સંકેત

**W**

**આ પરીક્ષા પુસ્તિકા સૂચના ન મળે ત્યાં સુધી ખોલવી નહીં.**

**આ પરીક્ષા પુસ્તિકાના પાછળના આવરણમાં (19 & 20) આપેલા નિર્દેશોને ધ્યાનથી વાંચો.**

***પરીક્ષાર્થીઓ માટે દિશાનિર્દેશ :***

1. આ પુસ્તિકા મુખ્ય પરીક્ષા પુસ્તિકાનું એક પરિશિષ્ટ છે, પરીક્ષાર્થી માટે જે ભાગ IV (ભાષા I) **અથવા** ભાગ V (ભાષા II) ગુજરાતી ભાષામાં આપવા ચાહે છે, પણ બન્ને નહિ ફક્ત **એકજ.**
2. પરીક્ષાર્થી ભાગ I અને ભાગ II **અથવા** III ના ઉત્તર મુખ્ય પરીક્ષા પુસ્તિકામાં આપે અને ભાગ IV અને V ના ઉત્તર તેમને ચયન કરેલ ભાષામાં આપે.
3. અંગ્રેજી અને હિન્દી ભાષાના પ્રશ્નો મુખ્ય પરીક્ષા પુસ્તિકાના ભાગ IV અને ભાગ V ના અન્તર્ગત આપેલા છે. ભાષા પરિશિષ્ટોને તમે અલગથી માગી શકો છો.
4. આ પૃષ્ઠ પર લખવા અને પ્રિન્ટ અંકિત કરવા માટે **માત્ર બ્લેક/બ્લૂ બૉલ પોઈંટ પેન**નો જ પ્રયોગ કરી શકે છે.
5. આ ભાષા પુસ્તિકાનો સંકેત (code) છે **W**. આ વાતની ખાતરી કરી લેવી કે ભાષા પરિશિષ્ટ પુસ્તિકાનો સંકેત, ઉત્તર પત્રના **પૃષ્ઠ-2** અને મુખ્ય પરીક્ષા પુસ્તિકા પર છાપેલા સંકેતથી મેળ થાય છે કે નહિ. જો તે જુદો હોય તો પરીક્ષાર્થી બીજી ભાષા પરિશિષ્ટ પરીક્ષા પુસ્તિકા લેવા માટે નિરીક્ષકને તરત જ જણાવે.
6. આ પુસ્તિકામાં બે ભાગ IV અને V છે. જેમાં કુલ 60 વસ્તુનિષ્ઠ પ્રશ્નો છે જે પ્રત્યેક 1 ગુણ ધરાવે છે :
   ભાગ IV : ભાષા-I (ગુજરાતી) *(પ્ર. 91 થી પ્ર. 120)*
   ભાગ V : ભાષા-II (ગુજરાતી) *(પ્ર. 121 થી પ્ર. 150)*
7. ભાગ IV માં ભાષા I માટે 30 પ્રશ્ન અને ભાગ V માં ભાષા II માટે 30 પ્રશ્નો આપેલા છે. આ પરીક્ષા પુસ્તિકામાં માત્ર ગુજરાતી ભાષા સંબંધિત પ્રશ્નો આપેલા છે. **જો ભાષા I અને/અથવા II માં તમારી ચયન કરેલ ભાષા ગુજરાતી સિવાયની છે તો આપે ગુજરાતી ભાષા વાળી પુસ્તિકા માંગી લેવી. જે ભાષાઓના પ્રશ્નોના ઉત્તર આપ આપી રહ્યા છો તે આવેદન પત્રમાં ચયન કરેલ ભાષાથી અવશ્ય મેળ ખાવી જોઈએ.**
8. **પરીક્ષાર્થી ભાગ V (ભાષા II) માટે ભાષા સૂચિમાંથી એવી ભાષાનું ચયન કરે જે તેમના દ્વારા ભાષા I (ભાગ IV) માં ચયન કરેલી ભાષાથી જુદી હોય.**
9. રફ કાર્ય પરીક્ષા પુસ્તિકામાં આપેલ ખાલી જગ્યામાં જ કરો.
10. બધા ઉત્તર માત્ર ઓ.એમ.આર. (OMR) ઉત્તર પત્ર પર જ અંકિત કરવા. પોતાના ઉત્તર ધ્યાનપૂર્વક અંકિત કરવા. ઉત્તર બદલવા માટે શ્વેત રંજક (whitener) નો પ્રયોગ નિષિદ્ધ છે.

પરીક્ષાર્થીનું નામ (મોટા અક્ષરોમાં) : ____________________

અનુક્રમાંક : અંકોમાં ____________________

: શબ્દોમાં ____________________

પરીક્ષા કેંદ્ર (મોટા અક્ષરોમાં) : ____________________

પરીક્ષાર્થી દસ્તખત : ____________________ નિરીક્ષક દસ્તખત : ____________________

Facsimile signature stamp of
Centre Superintendent ____________________

www.prepp.in



Prepp Your Personal Exams Guide

**ભાગ-IV (પ્ર. 91 થી 120) ફક્ત ગુજરાતી ભાષા-I નો વિકલ્પ પસંદ કરનારે જ લખવા.**

Candidates should attempt the questions from **Part-IV (Q.No. 91-120)**, if they have opted Gujarati as **Language-I** only.

www.prepp.in



## ભાગ – IV
## ભાષા – I
## ગુજરાતી

**સૂચના :** ભાગ – IV (પ્ર. 91 થી 120) ફક્ત ગુજરાતી ભાષા – I નો વિકલ્પ પસંદ કરનારે જ લખવા.

**નીચે આપેલ ફકરો કાળજીપૂર્વક વાંચો અને તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તરો યોગ્ય વિકલ્પ શોધીને લખો (91-99).**

આજના કૉર્પોરેટ અને ઉત્તર-આધુનિક યુગમાં મોટાભાગના શહેરીજનો યંત્રવત્ કામ કરે છે અને આજીવિકા કમાવા માટે તેમનો મહત્તમ સમય વીતે છે. જીવનમૂલ્યો કે જીવનહેતુ વિશે ચિંતા કરવાનું માણસ જાણે ભૂલી જ ગયો છે. સમયનો અભાવ એને આત્મમંથન કરવા દેતો નથી કે નથી જીવનનો સાચો આનંદ માણવા દેતો. તેના જીવનમાંથી આનંદની આર્દ્રતા ઓછી થઈ ગઈ છે. આજનો શહેરી માનવ બહુધા કોઈની પણ મદદ ન લેનાર હોવાથી અને પોતાના કામો પોતે જાતે જ કરતો હોવાથી સમયનો અભાવ તેની મોટી સમસ્યા છે.

આવી પરિસ્થિતિમાં પ્રવાસ એ કદાચ સૌથી મહત્વની ભૂમિકા ભજવે છે. પ્રવાસ એ આપણા જીવનનો એવો સંક્ષિપ્ત કાળખંડ હોય છે જેમાં આપણે આપણા દૈનંદિન કાર્યો, દોડધામ, દાયિત્વ અને દબાવ-તનાવથી દૂર અને મુક્ત હોઈએ.

નવું સ્થળ, નવી આબોહવા, નવા ખોરાક-પાણી, નવા લોકો અને નવો અનુભવ માણસના શુષ્ક ઘરેડમય જીવનમાં ઉંજણ બનીને ઉત્સાહ અને ઉર્જાનો સંચાર કરી શકે છે. મનોવિજ્ઞાનીઓ એવું પણ કહે છે કે વ્યક્તિની કોઈ સમસ્યાનો ઉકેલ તેને ન મળતો હોય અને લાંબા સમય સુધી સમસ્યા પજવતી હોય તેવા સમયે પ્રવાસમાં નીકળી પડવાથી ઘણીવાર અચાનક જ સમસ્યાનો ઉકેલ મળી જતો હોય છે.

માણસને ઘણીવાર પ્રકૃતિ પોતે જ સાદ પાડે છે. આવો સાદ સાંભળતા જ માણસે હાથ પરના કામો રદબાતલ કરીને નીકળી પડવું જોઈએ. શહેરી શોરથી દૂર શાંતિની શોધમાં સંક્ષિપ્ત સમય માટે પણ જઈ શકાય તો એ માનસિક અને શારીરિક સ્વાસ્થ્ય માટે ઉપયોગી બની શકે છે. આવા ટૂંકા પણ ટનાટન પ્રવાસમાં જો કોઈ આત્મીય સોબતી સંગાથી હોય તો જાણે સોનામાં સુગંધ ભળે એવો ઘાટ થાય છે. બસ, નવી જગ્યા અને નવા વાતાવરણને અનુરૂપ અને અનુકૂળ થવાની માનસિક તૈયારી હોવી જોઈએ, બાકી તો જગતનું દરેક સ્થળ એની ભૂમિકાએથી વિશિષ્ટ અને વિલક્ષણ જ છે.

**91.** **'ઉંજણ બનીને ઉત્સાહ અને ઊર્જાનો .........' વાક્યમાં કયા સુંદર અલંકારનો ઉપયોગ કરવામાં આવ્યો છે ?**

(1) વ્યતિરેક

(2) વર્ણસગાઈ

(3) શ્લેષ

(4) સ્વાભાવોક્તિ

**92.** **'પ્રકૃતિ પોતે જ સાદ .........' માં પ્રયુક્ત 'જ' વર્ણ કયો વ્યાકરણીય પ્રયોગ છે ?**

(1) સજીવારોપણ

(2) નિપાત

(3) કર્મધારય

(4) ભૂતકૃદંત

93. પ્રવાસ વેળા શું થાય તો સુવર્ણમાં ફોરમ સંમિલિત થઈ હોવાનું અનુભવાઈ શકે ?

(1) સરળતા થાય તો

(2) હિલ-સ્ટેશન જવાથી

(3) સાથી મળવાથી

(4) પ્રવાસખર્ચ મંજૂર થવાથી

94. 'રદબાતલ' એ કેવા પ્રકારનો શબ્દપ્રયોગ છે ?

(1) અંગ્રેજી

(2) સરકારી પરિભાષાનો

(3) દ્વિરુક્તિ

(4) અલ્પોક્તિ

95. 'શોર' શબ્દ માટે નીચેના વિકલ્પોમાંથી યોગ્ય સમાનાર્થી શબ્દ પસંદ કરો.

(1) શોરબકોર

(2) કલશોર

(3) કોલાહલ

(4) કિશોર

96. ઉત્તર આધુનિક માનવનો મહત્તમ સમય શેમાં ખર્ચાઈ જતો હોવાનું અહીં ઉલ્લેખાયું છે ?

(1) એશોઆરામમાં

(2) રોજગાર માટે

(3) અપડાઉનમાં

(4) રમતગમતમાં

97. માણસ ક્યારે દૈનિક ઘરેડમાંથી મુક્ત હોય છે ?

(1) રવિવારે

(2) પ્રવાસમાં

(3) હિલ-સ્ટેશન પર

(4) તહેવારોમાં

98. 'કોઈની પણ મદદ ન લેનાર' શબ્દસમૂહ માટે તમારી દૃષ્ટિએ નીચેના શબ્દોમાંથી કયો વધુ યોગ્ય છે ?

(1) પ્રામાણિક

(2) સ્વાભિમાની

(3) સ્વાવલંબી

(4) અજાતશત્રુ

99. 'આર્દ્રતા' શબ્દનો વિરુદ્ધાર્થી શબ્દ તમારા મંતવ્ય મુજબ નીચેનામાં કયો હોઈ શકે છે ?

(1) ભીનાશ

(2) હળવાશ

(3) નિરાશ

(4) શુષ્કતા

**નીચેનું કાવ્ય વાંચી, તેની નીચે પૂછાયેલા પ્રશ્નોના ઉત્તરોમાંથી સાચો વિકલ્પ શોધીને લખો (100-105).**

જગતમાં એક જ જન્મ્યો રે, જેણે રામને ઋણી રાખ્યા.
હરિએ કંઠમાં હાર પહેરાવ્યો મોતી મોઢામાં નાખ્યા
મોતીડાં કરડી માળાઉં ફેંકી તાગડા તોડી નાખ્યા
રામના સઘળાં કામ કર્યા ને બેહણા બારણે રાખ્યા
રાજસત્તામાં ભડકાં ભાખ્યા ધૂલ્યમાં ધામા નાખ્યા
અંજની માતાની કૂખ ઉજાળી નિત રખોપાં રાખ્યા
ચોકી રામની કદી ન છોડી ઝાંપે ઉતારા રાખ્યા
કાગ કહે બદલો ન માગ્યો પોરહ કદી ન ભાખ્યા
જેણે બદલો લીધો એના મોઢા પડી ગિયા ઝાંખા

**100.** 'માતાની કુખ ઉજાળી' માં કઈ વિભક્તિ પ્રયુક્ત છે ?

(1) તૃતીયા અધિકરણ
(2) ષષ્ઠિ
(3) પંચમા
(4) ચતુર્થ

**101.** આ કાવ્યમાં કાવ્યનાયક તમારા મત મુજબ કોણ છે ?

(1) રામ
(2) દુલા ભાયા કાગ
(3) પવનપુત્ર
(4) લક્ષ્મણ

**102.** હનુમાનજીએ પોતાની કાયમી બેઠક વ્યવસ્થા કઈ જગ્યાએ કરી હતી ?

(1) દ્વાર પર
(2) રામના હૃદયમાં
(3) મેરુપર્વત પર
(4) અશોકવાટિકામાં

**103.** 'ધૂલ્ય'નો સમાનાર્થી શબ્દ નીચેનામાંથી કયો છે ?

(1) ગોરજ
(2) ગોધૂલિ
(3) રજ
(4) કારજ

**104.** 'એક જ જન્મ્યો' પંક્તિમાં કયો વ્યાકરણ પ્રયોગ તમને દૃષ્ટિગોચર થાય છે ?

(1) ભૂતકૃદંત
(2) નિપાત
(3) સમાસ
(4) સંધિ

**105.** પ્રતિશોધ લેનારનું મોં કવિના મંતવ્ય મુજબ કેવું થઈ ગયું હતું ?

(1) લાલચોળ
(2) ઝંખવાણું
(3) ગર્વોન્નત
(4) કાળુમેશ

www.prepp.in



106. કવિતા ભણાવતી વખતે નીચેનામાંથી કયુ પરિમાણ સૌથી મહત્ત્વનું છે ?

(1) પ્રત્યેક કાવ્યને એક ચોક્કસ અર્થ હોય છે.

(2) કાવ્યોમાં એકથી વધુ અર્થ નિહિત હોય છે.

(3) કાવ્યોમાં સામાજિક પ્રશ્નોનું પ્રતિનિધાન થતું નથી.

(4) કાવ્યોમાં કોઈ લાગણીગત કે સંવેદનાઓનું પરિમાણ હોતું નથી.

107. અહેવાલ લેખનનો મુદ્દો ભણાવતી વખતે એક શિક્ષિકાએ વર્ગમાં અખબારોના કટિંગનું વિતરણ કર્યુ અને વિદ્યાર્થીઓને એ કટિંગ અંગેના પોતાના તારણો લખવાનું જણાવ્યું. આ ન્યૂઝપેપર (અખબાર) કટિંગને શું કહેવાય ?

(1) ભણાવવાની સામગ્રી (ટિચિંગ એઈડ)

(2) શીખવાની સામગ્રી (લર્નિંગ એઈડ)

(3) અધ્યયન-અધ્યાપન સામગ્રી (ટિચિંગ-લર્નિંગ મટિરિયલ)

(4) શિક્ષણ પદ્ધતિ અને વ્યૂહ

108. ભારતમાં કેટલા ભાષાકૂળો છે ?

(1) ચાર

(2) છ

(3) આઠ

(4) દસ

109. ભાષાશિક્ષણની કઈ પદ્ધતિ વર્ગખંડમાં માતૃભાષાના ઉપયોગને બાતલ કરી નાંખે છે ?

(1) પ્રત્યક્ષ પદ્ધતિ (ડાયરેક્ટ મેથડ)

(2) ધ્વનિ ભાષાપદ્ધતિ (ઓડિયોલિંગ્વલ મેથડ)

(3) ઈમર્સન મેથડ

(4) નૈસર્ગિક પદ્ધતિ (નેચરલ મેથડ)

110. ભાષા ભણાવતી વખતે એક શિક્ષક વિજ્ઞાન અને સમાજવિજ્ઞાનમાંથી ઉદાહરણો આપે છે. આ અભિગમ (અપ્રોચ) ને શું કહેવાય ?

(1) વિજ્ઞાન અને ભાષાશિક્ષણ

(2) પાઠ્યક્રમ સોંસરવી ભાષા (લેંગ્વેજ અક્રોસ કરિક્યુલમ)

(3) TPR અપ્રોચ

(4) CLT અપ્રોચ

www.prepp.in



**111.** ભાષાશિક્ષણ માટેનો સંકલ્પન દષ્ટિકોણ (કોગ્નીટિવ પર્સપેક્ટિવ) શેના પર ભાર મૂકે છે ?

(1) ક્ષતિઓ એ ભાષાશિક્ષણ પ્રક્રિયાનો એક હિસ્સો છે.

(2) ટેવ પાડવાની પ્રક્રિયા ભાષાશિક્ષણમાં સહાયક બને છે.

(3) શિક્ષકે સંવાદોને ગોખવાની અને યાદ રાખવાની પ્રવૃત્તિને પ્રોત્સાહન આપવું જોઈએ.

(4) ભૂલોને તરત જ સુધારી લેવી જોઈએ અન્યથા તે બાળકના મનમાં ઘર કરી જાય છે.

**112.** વિદ્યાર્થીઓના નબળા દેખાવના કારણો જાણવા માટે શિક્ષક એક ટેસ્ટ તૈયાર કરે છે તેને શું કહેવાય ?

(1) તજજ્ઞતા કસોટી (પ્રોફિસિયન્સી ટેસ્ટ)

(2) નિદાનાત્મક કસોટી (ડાયગ્નોસ્ટિક ટેસ્ટ)

(3) સિદ્ધિ કસોટી (અચિવમેન્ટ ટેસ્ટ)

(4) સમિટિવ ટેસ્ટ

**113.** છઠ્ઠા ધોરણની એક શિક્ષિકાએ વિદ્યાર્થીઓના પ્રશ્નપત્રો તપાસ્યા ત્યારે તેને જણાયું કે વિદ્યાર્થીઓનો દેખાવ નબળો રહ્યો છે. આથી તેણે એક બીજી કસોટી (ટેસ્ટ) તૈયાર કરીને વિદ્યાર્થીઓને આપી. આ કસોટીને શું કહેવાય ?

(1) ફોર્મેટિવ કસોટી (ટેસ્ટ)

(2) સમિટિવ કસોટી (ટેસ્ટ)

(3) ડાયગ્નોસ્ટિક કસોટી (ટેસ્ટ)

(4) ક્યુમ્યુલેટિવ કસોટી (ટેસ્ટ)

**114.** એક ભાષા શિક્ષિકાએ વર્ગમાં ભણાવ્યા પછી પોતાની રોજનીશીમાં લખ્યું, "વર્ગમાં વિદ્યાર્થીઓને ભાષા રમતો ઘણી રસપ્રદ લાગી અને વિદ્યાર્થીઓએ એમાં સક્રિય ભાગ લીધો ગ્રુપ-3ના વિદ્યાર્થીઓને નિર્ધારિત લક્ષ્યપ્રાપ્તિ માટે ઘણો સંઘર્ષ કરવો પડ્યો". – આ ડાયરીનોંધ શેનું ઉદાહરણ છે ?

(1) આકલન (એસેસમેન્ટ)

(2) પરચૂરણ અથવા છૂટક નોંધ (એનેકડાટેલ રેકોર્ડ)

(3) પ્રતિબિંબિત વિચારણા (રિફ્લેક્ટિવ થિંકિંગ)

(4) નિરીક્ષણ (ઓબ્ઝર્વેશન)

www.prepp.in



115. એક પ્રભાવશાળી ભાષા શિક્ષક નીચેનામાંથી કઈ પ્રવૃત્તિને પ્રાધાન્ય આપશે ?

(1) પાઠ્યપુસ્તકમાંના તમામ પ્રશ્નોના ઉત્તરોની તૈયારી કરાવશે.

(2) પાઠ્યપુસ્તક ભણાવશે અને એના સિવાયની જાણકારી પણ આપશે.

(3) કેવળ પાઠ્યપુસ્તકના આધારે જ પ્રશ્નો તૈયાર કરાવશે.

(4) પાઠ્યપુસ્તકની બહાર નહીં થાય.

116. ભાષાશિક્ષણ માટે નીચેનામાંથી કઈ બાબત સૌથી વધુ મહત્ત્વની છે ?

(1) પાઠ્યપુસ્તક

(2) સહાયક વાંચન

(3) બાળ-કિશોર સાહિત્ય

(4) પ્રવૃત્તિપટ (એક્ટિવિટી શિટ)

117. નીચેનામાંથી કઈ બાબત વિદ્યાર્થીઓની સર્જનાત્મકતાને વેગ આપશે ?

(1) પરીક્ષામાં વધુ સારા ગુણ મેળવવા માટે વિદ્યાર્થીઓને પ્રશિક્ષણ આપવું.

(2) વિદ્યાર્થીઓને એમના અનુભવના આધાર પર મુક્ત લેખનની તક આપવી.

(3) વિદ્યાર્થીઓને નૈતિકતા આધારિત વાર્તાઓ લખવાનું અને વાંચવાનું સૂચન કરવું.

(4) વિદ્યાર્થીઓને વાંચન-પ્રવૃત્તિમાં વધુ રસ લેવાની પ્રેરણા આપવી.

118. ભાષાશિક્ષણ સંદર્ભે 'મન-માપન' અથવા 'માઈન્ડ મેપિંગ' એટલે શું ?

(1) મનનું ચિત્ર દોરવું.

(2) કવિતામાં કે પાઠમાં આવતા જે-તે વિસ્તારના વર્ણનના આધારે એનું ચિત્ર કે એનો નકશો બનાવવો.

(3) એક સાહસિક પ્રવાસ માટેની યોજના બનાવવી અને વિદ્યાર્થીઓને એ બનાવવાની સૂચના કે પ્રેરણા આપવી.

(4) વિદ્યાર્થીઓને નવા વિચારો કરવાની, આ વિચારોના સંયોજનની અને વિચાર-મંથનની છૂટ આપવી.

119. લેખનકૌશલ્યના વિકાસ માટે સૌથી મહત્ત્વનું શું છે ?

(1) સુંદર હસ્તાક્ષર સાથેનું લેખન

(2) સાચી જોડણીનો ઉપયોગ

(3) આપવામાં આવેલ વિષય અને સૂચનાઓના અનુપાલન સાથેનું લખાણ

(4) પોતાના દષ્ટિકોણ, વિચારો અને અનુભવોને લેખનમાં અભિવ્યક્ત કરવા તે

120. જેમાં વિદ્યાર્થી દ્વારા થતા પાઠ્યપુસ્તકના વાંચનમાંથી તેને આનંદ મળતો હોય અને સામાન્ય વાંચન કૌશલ વિકસતું હોય તે કેવા પ્રકારનું વાંચન છે ?

(1) સઘન વાંચન

(2) વિસ્તીર્ણ વાંચન

(3) પૂર્વ વાંચન

(4) ઉત્તર અથવા અનુવાંચન

www.prepp.in



**ભાગ-V (પ્ર. 121 થી 150)** ફક્ત **ગુજરાતી** ભાષા-**II** નો વિકલ્પ પસંદ કરનારે જ લખવા.

Candidates should attempt the questions from **Part-V (Q.No. 121-150)**, if they have opted Gujarati as **Language-II** only.

Prepp
Your Personal Exams Guide

ભાગ – V
ભાષા – II
ગુજરાતી

**સૂચના : ભાગ – V (પ્ર. 121 થી 150) ફક્ત ગુજરાતી ભાષા – II નો વિકલ્પ પસંદ કરનારે જ લખવા.**

**નીચે આપેલ ફકરો કાળજીપૂર્વક વાંચો અને તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તરો યોગ્ય વિકલ્પ શોધીને લખો (121-128).**

નિરાશાવાદ આજનો વ્યાપકવાદ છે. માનવ-મહેરામણમાં શુદ્ધ, પ્રસન્નતાસભર, પોતાની વર્તમાન સ્થિતિથી પ્રસન્ન માણસો ઓછા મળે છે. ભૌતિકતાવાદ તથા ઉપભોક્તાવાદની સાથે નિરાશાવાદ પણ વિસ્તરવા લાગ્યો છે. ચોતરફ ધનની બોલબાલા છે. ધનકેન્દ્રી સમાજમાં વસુ વિના નર પશુ છે. ધન એ સંપત્તિ નથી, ગુલામીની દેવી છે.

આવા વલણ માટે જવાબદાર બે મુદ્દા છે. એક, વ્યક્તિએ કરેલી સુખની વ્યાખ્યા ને બીજું, પોતા તથા ઈશ્વર પ્રત્યેનું વ્યક્તિનું વલણ. માણસ અને પ્રાણીમાં મૂળભૂત તફાવત એ છે કે માણસ વિચારી શકે છે, હકારાત્મક રીતે અને નકારાત્મક રીતે. મોટે ભાગે બીજી રીત તેને વધુ અનુકૂળ આવે છે. અને તેથી તેની પાસે ફરિયાદોનો અંબાર હોય છે. પોતાની પરિસ્થિતિ, પોતાનો દેખાવ, સ્વજનો, સહકર્મીઓ, વ્યવસાય અને સમગ્ર દુનિયા સામે તેને ફરિયાદ હોય છે. પોતાની તકલીફો માટે દુનિયા જવાબદાર છે અને પોતાનો વ્યવહાર સર્વથા ઉત્તમ જ છે, તેને અન્યાય થઈ રહ્યો છે તેમ વિચારી તે હતાશ થઈ અવસાદ નામના રોગ સાથે દોસ્તી બાંધે છે અને તેને સાથ આપવા પછી અન્ય વ્યાધિઓ આવી પહોંચે છે. પૈસાથી સુખ મળે એમ માનનાર ખાંડ ખાય છે.

ઘણીવાર આપણી ઉપલબ્ધિઓથી આપણે અજાણ હોઈએ છીએ. આપણી ખૂબીઓથી અજ્ઞાત રહેતા હોઈએ છીએ. સમગ્ર સૃષ્ટિમાં તમારી આસપાસના પર્યાવરણનું રસપૂર્વક અવલોકન કરી જુઓ. સૃષ્ટિના નાનામાં નાના જંતુને ઈશ્વરે તેના રક્ષણ માટે કંઈક ને કંઈક પ્રદાન કર્યું છે. માનવી તેનું શ્રેષ્ઠ સર્જન છે. પ્રત્યેકને કંઈક વિશેષ લાયકાતથી નવાજ્યા છે. સાથે વિચારશક્તિ તથા સૂઝ આપ્યા છે. પરંતુ આપણે જે નથી મળ્યુ તેના રોદણાં રડતા થાકતા નથી, ને જે મળ્યું છે તેનો આનંદ માણતાં નથી. સુખની વ્યાખ્યાની વાત કરીએ તો આપણી પાસે જે ન હોય તે હોવાની કલ્પનાને આપણે સુખ કહીએ છીએ. બધું જ મળે પછી પણ સુખ તો હાથતાળી દેતું જ રહે છે. મહેનત કરી ગાડું ગબડાવતો, ફળિયામાં નિશ્ચિંત ભાવે અલકમલકની વાતો કરતો શ્રમજીવી પણ સુખનો અનુભવ કરી શકે.

આરામપ્રિયતાએ અગવડો વેઠવાની ક્ષમતા ઘટાડી દીધી છે. આપણે ભપકામાં સુખ શોધતા થઈ ગયા છીએ. માનસિક સુખ સ્થાવર છે, જો મન પ્રસન્ન હોય તો કોઈપણ પરિસ્થિતિ આનંદ આપી શકે. પ્રકૃતિ પાસે મનને શાતા બક્ષવાના અનેક સ્રોતો છે, પરંતુ આપણે કૃત્રિમ સ્રોતો પાછળ ભાગીએ છીએ.

121. નિસર્ગ પાસે શું છે જેની આપણે ઉપેક્ષા કરીએ છીએ ?

(1) ચિત્તશાંતિના સ્રોત

(2) પ્રાકૃતિક સૌંદર્ય

(3) નદી-ઝરણાં અને પહાડો

(4) સંસાધનો

122. 'ગાડું ગબડાવવું' એટલે શું ?

(1) ગાડું ચલાવવુ

(2) રૂઢિપ્રયોગ

(3) શ્રમ કરવો

(4) સ્વાસ્થ્ય લાભ

123. 'સુખ સ્થાવર છે' વાક્યમાં પ્રયોજાયેલા 'સ્થાવર' શબ્દનો વિરુદ્ધાર્થી શબ્દ નીચેનામાંથી કયો છે ?

(1) સ્થાપિત

(2) વિસ્થાપિત

(3) જંગમ

(4) કામચલાઉ

124. 'ધન એ સંપત્તિ નથી, ગુલામીની દેવી છે.' – આ વાક્યમાં નીચેનામાંથી કયા અલંકારનો વિનિયોગ થયો છે ?

(1) વ્યાજસ્તુતિ

(2) અપહ્નુતિ

(3) વ્યતિરેક

(4) અતિશયોક્તિ

125. 'ચોતરફ ધનની બોલબાલા છે' વાક્યમાં પ્રયોજિત 'ચોતરફ' કયો સમાસ છે ?

(1) દ્વિગુ

(2) કર્મધારય

(3) બહુવ્રીહિ

(4) અનન્વય

126. 'વસુ વિના નર પશુ છે' એ વાક્યમાં શેનો પ્રયોગ થયેલો છે ?

(1) વર્ણસગાઈ

(2) વર્ણાનુપ્રાસ

(3) કહેવત

(4) લોકગીતનો

127. કોને સાથ આપવા માટે ઈતર રોગોનું આગમન થાય છે ?

(1) માણસને

(2) અવસાદને

(3) ધનને

(4) પૈસાદારને

128. અસુવિધાઓ સહન કરવાની આપણી શક્તિઓને કોણે ન્યૂન કરી દીધી હોવાનું લેખકનું નિરીક્ષણ છે ?

(1) કૃત્રિમતાએ

(2) સંપત્તિએ

(3) મોબાઈલથી

(4) આરામપસંદ થવાથી

www.prepp.in



**નીચે આપેલ ફકરો કાળજીપૂર્વક વાંચો અને તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તરો યોગ્ય વિકલ્પ શોધીને લખો (129-135).**

'સ્વચ્છ ભારત અભિયાન' એ આજના સમયનું સૌથી મહત્ત્વપૂર્ણ પગલું છે. સ્વચ્છતા એ એક અત્યંત મહત્ત્વની પ્રક્રિયા છે જે આરોગ્ય, સ્વચ્છતા અને તબીબી વિજ્ઞાન સાથે જોડાયેલી છે.

ભારત દેશના સંદર્ભે સ્વચ્છતાની વાત કરીએ તો મહાત્મા ગાંધીએ 'સ્વચ્છતા ત્યાં પ્રભુતા' એવું સૂત્ર આપેલું. તેમને મન સ્વચ્છ દેહ, સ્વચ્છ ઘર અને સ્વચ્છ ગામ મળીને સ્વચ્છ રાષ્ટ્ર બને એવી ખેવના હતી.

તકનીકી રીતે જોઈએ તો સ્વચ્છતા એ વિજ્ઞાનની એક શાખા ગણાય જે રોગ અને બિમારીને પ્રસરવામાંથી અટકાવે છે અથવા તો એની અસર ઘટાડીને એને નાબૂદ કરવામાં ભાગ ભજવે છે. આ શાખાને આરોગ્યશાસ્ત્ર પણ કહેવામાં આવે છે.

સ્વચ્છતાની સીધી નાળ સફાઈ સાથે જોડાયેલી છે. સફાઈ અને સ્વચ્છતા આમ તો એ અર્થમાં પરસ્પરથી ઘનીભૂત છે. અત્યારે ચાલી રહેલુ સ્વચ્છતા અભિયાન આ બંનેના સમન્વયથી રચાયેલું છે. આ અભિયાનનો મૂળ હેતુ દેશને માનવજીવનને અનુરૂપ એવો સ્વચ્છ અને માનવહિતૈષી બનાવવાનો છે. આથી જ આમાં વિસ્તારોની સફાઈની સાથો-સાથ પર્યાવરણને પણ લક્ષ્યમાં રાખવામાં આવ્યું છે. અર્થાત્ પર્યાવરણને પણ આરોગ્યકેન્દ્રી બનાવવાની યોજનાનો એમાં સમાવેશ થાય છે. સ્વચ્છતાની જાળવણી માટે સર્વપ્રથમ જરૂરિયાત છે સામાજિક જાગૃતિ અને શિક્ષણ. સમાજ જો પૂર્ણ રીતે જાગૃત અને સભાન હશે તો સ્વચ્છતાનું નિર્માણ અને તેની જાળવણી આસાન બની જશે. આ માટે વિવિધ સંસ્થાઓ દ્વારા જનજાગૃતિ અભિયાન પણ ચલાવવામાં આવી રહ્યું છે. આના એક ભાગરૂપે ભારતમાં ખુલ્લામાં મળોત્સર્ગ સંપૂર્ણ નાબૂદી અભિયાન પણ ચલાવવામાં આવી રહ્યું છે.

અનેક રાજ્યો ધરાવતા ભારત દેશમાંથી અત્યારે ફક્ત સિક્કિમને જ 'નિર્મલ રાજ્ય' ઘોષિત કરવામાં આવ્યું છે જ્યારે અન્ય રાજ્યો અને પ્રદેશો આ ક્ષેત્રમાં હજુ સંઘર્ષરત છે.

સફાઈ અને સ્વચ્છતા બંને જળવાઈ રહે અને જીવનશૈલી આરોગ્યપ્રદ રહે તે જોવાની નૈતિક જવાબદારી દેશના તમામ નાગરિકોની છે.

**129. પર્યાવરણને કેવું બનાવવાની દિશામાં કામ ચાલે છે ?**

(1) સ્વચ્છ

(2) સાફસૂથરું

(3) ઉદ્યોગલક્ષી

(4) સ્વાસ્થ્યકેન્દ્રી

**130. સ્વચ્છતા જાળવી રાખવા માટે શું અનિવાર્ય છે ?**

(1) સાફ-સફાઈ

(2) જાગૃતિ

(3) પ્રદૂષણ નિયંત્રણ

(4) તબીબી વિજ્ઞાન

**131. કઈ પ્રવૃત્તિની સંપૂર્ણ રોકથામ માટે સરકારે મહત્વાકાંક્ષી યોજના કરી છે ?**

(1) પ્રદૂષણ

(2) ઉદ્યોગો

(3) સ્વચ્છતા

(4) મળોત્સર્જન

www.prepp.in



**132.** કયુ રાજ્ય સ્વચ્છતા લક્ષ્યને પ્રાપ્ત કરવામાં કામિયાબ રહ્યું છે ?

(1) સિક્કિમ

(2) ગુજરાત

(3) મણિપુર

(4) પંજાબ

**133.** સ્વચ્છતા કોનું નૈતિક દાયિત્વ છે ?

(1) સરકારનું

(2) નાગરિકોનું

(3) રાજ્ય સરકારનું

(4) ગ્રામ પંચાયતનું

**134.** ગાંધીજીએ નીચેનામાંથી કયુ સૂત્ર રચેલું છે ?

(1) સત્યનો ગજ ટૂંકો ન હજો

(2) વંદે માતરમ્

(3) સ્વચ્છતા ત્યાં પ્રભુતા

(4) અહિંસા પરમો ધર્મ

**135.** સ્વચ્છતા અભિયાનમાં શેનો સમાવેશ કે સમન્વય કરવામાં આવ્યો છે ?

(1) જનજાગૃતિ અને સરકારનો

(2) સરકાર અને સંસ્થાઓનો

(3) સફાઈ અને સ્વચ્છતાનો

(4) આરોગ્ય અને આયુર્વેદનો

**136.** પ્રક્રિયા લેખન માટે નીચેનામાંથી કઈ બાબતનું અનુપાલન કરવું જોઈએ ?

(1) શબ્દમર્યાદા

(2) આલંકારિક ભાષાનો ઉપયોગ

(3) વ્યક્તિવાચક સર્વનામોનો ઉપયોગ

(4) વિચારોનું સુયોગ્ય સંકલન

**137.** લેખન એટલે ____, ____ નહીં.

(1) પ્રક્રિયા; ઉત્પાદ

(2) ઉત્પાદ; પ્રક્રિયા

(3) પ્રક્રિયા; હસ્તલેખન વ્યાયામ

(4) હસ્તલેખન વ્યાયામ; પ્રક્રિયા

**138.** વિદ્યાર્થીઓના લેખન કૌશલનું આકલન કરતી વખતે કઈ મહત્ત્વપૂર્ણ બાબતને શિક્ષકે ધ્યાનમાં લેવી જોઈએ ?

(1) આલંકારિક ભાષાનો ઉપયોગ

(2) સાચી જોડણી

(3) વ્યાકરણશુદ્ધ વાક્યરચના

(4) વિચારોની અભિવ્યક્તિ

139. પૂર્વવાંચનની પ્રવૃત્તિ કયા સંદર્ભે મહત્ત્વની છે ?

(1) તેનાથી કઠિન શબ્દોના અર્થો મેળવી શકાય છે.

(2) તેનાથી પાઠમાં આવતાં વ્યાકરણ ઘટકો અને વ્યાકરણના નિયમો સમજી શકાય છે.

(3) વિદ્યાર્થીઓના પરિચ્છેદ વાંચનનું આકલન કરી શકાય છે.

(4) પાઠ વિશેના વિદ્યાર્થીઓના પૂર્વજ્ઞાનના આધારે વિદ્યાર્થીઓને સુસજ્જ કરી શકાય છે.

140. અત્યારે ભારતના બંધારણનાં આઠમાં પરિશિષ્ટમાં કેટલી ભાષાઓનો ઉલ્લેખ છે ?

(1) 16

(2) 20

(3) 22

(4) 24

141. એક શિક્ષિકા વિદ્યાર્થીઓને વિવિધ રોલ પ્લે કરવાની સૂચના આપીને યોગ્ય પ્રત્યાયન (જેન્યુઈન કમ્યુનિકેશન) પ્રસ્તુત કરી રહી છે. ત્યારબાદ શિક્ષિકા આ રોલ પ્લેમાંથી કેટલાક નિયમો ઘડી કાઢે છે અને આ નિયમો ધ્યાનમાં રાખીને વિદ્યાર્થીઓને પ્રેક્ટિસ કરવાનું કહે છે. શિક્ષિકા શું ભણાવી રહી છે ?

(1) નિર્દેશક વ્યાકરણ

(2) ફક્ત વ્યાકરણ

(3) પૂર્વાપર સાથે વ્યાકરણ

(4) નિગમનાત્મક અભિગમ (ડિડક્ટિવ અપ્રોચ)

142. ભાષા શિક્ષક બધાં જ વિદ્યાર્થીઓની અધ્યયન શૈલીઓને પ્રોત્સાહિત કયા પ્રકારે કરી શકે ?

(1) દરેક શબ્દના અર્થ અને અનુવાદની સ્પષ્ટતા કરીને તથા પાઠનું રિવિઝન કરીને.

(2) બાળકોના નિયમિત આકલન દ્વારા

(3) બાળકોને ફક્ત ભણવા માટે જ નહીં, નૃત્ય, સંગીત, ખેલકૂદ, રમતગમતો, ચિત્રકામ ઈત્યાદિમાં પણ ભાગ લેવાની પ્રેરણા આપીને

(4) વિવિધ સ્તર અને કક્ષાના વિદ્યાર્થીઓને માટે વૈવિધ્યપૂર્ણ અધ્યાપન પદ્ધતિ, વ્યૂહયોજના અને તરકીબોનો તથા વિવિધ પ્રકારના આકલનનો ઉપયોગ કરીને

143. "સામાજિક આદાન-પ્રદાન ભાષા શીખવામાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે." – આ વિધાન કોનું છે ?

(1) ચોમ્સ્કી

(2) પિગેટ

(3) વ્યોગોત્સ્કી

(4) સ્કિનર

144. વક્તવ્ય કૌશલ સંદર્ભે નીચેનામાંથી કઈ બાબત મહત્ત્વની છે ?

(1) સ્પષ્ટ અને યોગ્ય ઉચ્ચારો

(2) સામગ્રી અને પરિસ્થિતિ પ્રમાણેનું વક્તવ્ય

(3) મૃદુભાષિતા

(4) આલંકારિક ભાષાનો પ્રયોગ

**145. ભાષા શીખવામાં વિદ્યાર્થીને પડતી મુશ્કેલીનો પ્રકાર શોધી કાઢવામાં જે મદદરૂપ થાય છે તે કઈ કસોટી છે ?**

(1) ડિસ્ક્રીટ પોઈન્ટ ટેસ્ટ

(2) ડાયગ્નોસ્ટીક ટેસ્ટ

(3) કમ્યૂનિકેટિવ ટેસ્ટ

(4) પ્રોબ્લેમ સોલ્વિંગ ટેસ્ટ

**146. 'પોર્ટફોલિઓ' સંદર્ભે નીચેનામાંથી કયું વિધાન સાચું છે ?**

(1) તેનાથી લેખનની ટેવ વિકસે છે.

(2) તેનું મુખ્ય કામ વિદ્યાર્થીઓનું કાર્ય એકત્રિત કરીને તેને સલામત રીતે સાચવવાનું છે.

(3) તેનાથી વિદ્યાર્થીઓ વ્યસ્ત રહે છે અને શિક્ષકનો સમય બચે છે.

(4) તેનાથી શિક્ષકને વિદ્યાર્થીઓના ક્રમિક વિકાસનું આકલન કરવામાં મદદ મળે છે.

**147. આરોહ-અવરોહ એ શેનું વૈવિધ્ય છે ?**

(1) ફેફસાનું

(2) ધ્વનિનું

(3) હવાનું

(4) તીવ્રતાનું

**148. વાણી નામની એક બાળકી ઘરમાં બહુ બોલતી નથી પણ સ્કૂલમાં ખૂબ જ બોલે છે. આ દર્શાવે છે કે ...**

(1) તેને પોતાનું ઘર પસંદ નથી.

(2) શાળામાં તેના વિચારોની સ્વીકાર્યતા છે.

(3) શાળા બાળકોને વધુ બોલવાની છૂટ આપે છે.

(4) શિક્ષક વર્ગમાં શિસ્ત પ્રત્યે ભાગ્યે જ ધ્યાન આપે છે.

**149. ભાષા તજજ્ઞતા (લેંગ્વેજ પ્રોફિશિઅન્સી)માં નીચેનામાંથી કયા બે ઘટકો સમાવિષ્ટ છે ?**

(1) યોગ્ય ઉચ્ચારણો અને સઘન વાંચન

(2) નકલ ઉતારવી (ટ્રાન્સ્ક્રિપ્શન) અને સુવાચ્ય હસ્તાક્ષરો

(3) ચોકસાઈ અને પ્રવાહિતા

(4) તારણ અને પૃથક્કરણ (સ્કીમિંગ અને સ્કેનિંગ)

**150. ભાષાનું અધ્યયન સહેલું બની જાય જો ...**

(1) પાઠ્યપુસ્તકો ભણાવવામાં ન આવે

(2) જો પરીક્ષાઓ હોય જ નહીં તો

(3) તેમને ભાષા-સમૃદ્ધ વાતાવરણ સાંપડે તો

(4) લેખન પૂર્વે વ્યાકરણની વધુ પ્રેક્ટિસ કરવા માટે સમય આપી શકાય તો

www.prepp.in



રફકાર્ય માટે જગ્યા

Prepp Your Personal Exams Guide

રફકાર્ય માટે જગ્યા

Prepp Your Personal Exam Guide

www.prepp.in



**આપેલ સૂચનાઓ ધ્યાનપૂર્વક વાંચો :**

1. પરીક્ષા પુસ્તિકામાં ઉત્તરો સ્પષ્ટતાથી ચીંધી બતાવાયા છે તેથી જવાબો લખતા પહેલાં પરીક્ષા પુસ્તિકા અને જવાબો લખવા માટેની સૂચનાઓ ધ્યાનપૂર્વક વાંચી જવી.
2. દરેક પ્રશ્ન માટે ચાર વિકલ્પોમાંથી સાચો ઉત્તર ઓ.એમ.આર. (OMR) ઉત્તરપત્ર પૃષ્ઠ-2 માં એક જ વૃત્તને બ્લેક/બ્લૂ બૉલ પોઈંટથી જ ભરવું. એકવાર ઉત્તર ભર્યા પછી તેને બદલી શકાશે નહિ.
3. પરીક્ષાર્થી સુનિશ્ચિત કરી લે કે આ ઉત્તરપત્રને વાળવામાં ન આવે અને તે ઉપર બીજું કોઈ અન્ય નિશાન પણ ન લગાવે. પરીક્ષાર્થી પોતાનો અનુક્રમાંક ઉત્તરપત્રમાં નિર્ધારિલ જગ્યા સિવાય બીજે ક્યાંય ન લખે.
4. પરીક્ષા પુસ્તિકા અને ઉત્તરપત્રનો ઉપયોગ ધ્યાનપૂર્વક કરે, કારણ કે કોઈપણ પરિસ્થિતિમાં (માત્ર પરીક્ષા પુસ્તિકા અને ઉત્તરપત્રના સંકેત (code) અથવા સંખ્યામાં વિભિન્નતા સિવાય) બીજી પરીક્ષા પુસ્તિકા આપવામાં આવશે નહિ.
5. પરીક્ષા પુસ્તિકા/ઉત્તરપત્રમાં આપેલ પરીક્ષા સંકેત અને સંખ્યાને પરીક્ષાર્થીએ ઉચિત રૂપે હાજરી-પત્રમાં લખવું.
6. OMR ઉત્તરપુસ્તિકાની સાંકેતિક માહિતી મશીન વડે વંચાશે. તેથી કોઈ માહિતી અધૂરી ન રહેવી જોઈએ એટલું જ નહીં, તે એડમિટ કાર્ડમાં આપેલી માહિતીથી અલગ ન હોવી જોઈએ.
7. પરીક્ષાર્થી દ્વારા પરીક્ષા હૉલ/કક્ષમાં પ્રવેશ કાર્ડ સિવાયની કોઈપણ જાતની પાઠ્ય-સામગ્રી, મુદ્રિત અથવા હસ્તલિખિત કાગળ, પેજર, મોબાઈલ ફોન, ઈલેક્ટ્રોનિક ઉપકરણ અથવા અન્ય કોઈપણ જાતની સામગ્રીને લઈ જવાની અથવા ઉપયોગ કરવાની મનાઈ છે.
8. મોબાઈલ ફોન અને અન્ય વાયરલેસ સંદેશાવ્યવહારના સાધનો (સ્વીચ ઓફ રાખેલી સ્થિતિમાં પણ) અને અન્ય પ્રતિબંધિત ઉપકરણો પરીક્ષાખંડમાં લાવવા નહીં. આ સૂચનાનું પાલન નહીં કરનારને સજાપાત્ર ગણીને તેની સામે તેમની પરીક્ષા રદ કરવા સુધીના કડક પગલાં લેવામાં આવશે.
9. પ્રત્યેક પરીક્ષાર્થીએ, નિરીક્ષકના માંગ્યા મુજબ પોતાનું પ્રવેશ-કાર્ડ દેખાડવું.
10. અધીક્ષક અથવા નિરીક્ષકની વિશિષ્ટ અનુમતિ વગર કોઈપણ પરીક્ષાર્થીએ પોતાનું સ્થાન મૂકવો નહિ.
11. કાર્યરત નિરીક્ષકને પોતાનો ઉત્તરપત્ર આપ્યા વગર અને હાજરી-પત્રમાં ફરીવાર સહી કર્યા વગર પરીક્ષાર્થીઓ પરીક્ષા હૉલ છોડવો નહિ. જો પરીક્ષાર્થીએ બીજી વાર સહી નહિ કરી હોય તે એ માનવામાં આવશે કે તેને ઉત્તરપત્ર પાછું આપ્યું નથી અને તેને અનુચિત સાધનનો મામલો માનવામાં આવશે.
12. ઈલેક્ટ્રોનિક/હસ્તચાલિત કેલ્ક્યુલેટરનો ઉપયોગ વર્જિત છે.
13. પરીક્ષા હૉલમાં પોતાના આચરણ (વ્યવહાર) માટે પરીક્ષાર્થી બોર્ડના બધા જ નિયમો અને વિનિયમો સાથે બંધાયેલો છે. અનુચિત સાધનોની બધી જ બાબતોનો નિર્ણય બોર્ડના નિયમો અને વિનિયમોના અનુસારે જ થશે.
14. ઉત્તરપત્ર અને પરીક્ષા પુસ્તિકાનો કોઈપણ ભાગ ગમે તેવી પરિસ્થિતિમાં જુદો કરવો નહિ.
15. **પરીક્ષા પૂર્ણ થયા પછી, પરીક્ષાર્થી હૉલ/કક્ષ છોડતા પહેલા ઉત્તરપત્ર કક્ષ-નિરીક્ષકને અવશ્ય સોંપી દે. પરીક્ષાર્થી પોતાની સાથે આ પરીક્ષા પુસ્તિકા લઈ જઈ શકે છે.**

www.prepp.in

Prepp
Your Personal Exams Guide



**निम्नलिखित निर्देशों को ध्यान से पढ़ें :**

1. जिस प्रकार से विभिन्न प्रश्नों के उत्तर दिए जाने हैं उसका वर्णन परीक्षा पुस्तिका में किया गया है, जिसे आप प्रश्नों का उत्तर देने से पहले ध्यान से पढ़ लें ।
2. प्रत्येक प्रश्न के लिए दिए गए चार विकल्पों में से सही उत्तर के लिए OMR उत्तर पत्र के **पृष्ठ-2** पर केवल एक वृत्त को ही पूरी तरह **काले/नीले बॉल पॉइन्ट पेन** से भरें । एक बार उत्तर अंकित करने के बाद उसे बदला नहीं जा सकता है ।
3. परीक्षार्थी सुनिश्चित करें कि इस उत्तर पत्र को मोड़ा न जाए एवं उस पर कोई अन्य निशान न लगाएँ । परीक्षार्थी अपना अनुक्रमांक उत्तर-पत्र में निर्धारित स्थान के अतिरिक्त अन्यत्र न लिखें ।
4. परीक्षा पुस्तिका एवं उत्तर पत्र का ध्यानपूर्वक प्रयोग करें, क्योंकि किसी भी परिस्थिति में (केवल परीक्षा पुस्तिका एवं उत्तर पत्र के संकेत या संख्या में भिन्नता की स्थिति को छोड़कर) दूसरी परीक्षा पुस्तिका उपलब्ध नहीं करायी जाएगी ।
5. परीक्षा पुस्तिका / उत्तर पत्र में दिए गए परीक्षा पुस्तिका संकेत व संख्या को परीक्षार्थी सही तरीके से हाज़िरी-पत्र में लिखें ।
6. OMR उत्तर पत्र में कोडित जानकारी को एक मशीन पढ़ेगी । इसलिए कोई भी सूचना अधूरी न छोड़ें और यह प्रवेश-पत्र में दी गई सूचना से भिन्न नहीं होनी चाहिए ।
7. परीक्षार्थी द्वारा परीक्षा हॉल/कक्ष में प्रवेश-पत्र के सिवाय किसी प्रकार की पाठ्य-सामग्री, मुद्रित या हस्तलिखित, कागज़ की पर्चियाँ, पेजर, मोबाइल फोन, इलेक्ट्रॉनिक उपकरण या किसी अन्य प्रकार की सामग्री को ले जाने या उपयोग करने की अनुमति नहीं है ।
8. मोबाइल फोन, बेतार संचार युक्तियाँ (स्वीच ऑफ अवस्था में भी) और अन्य प्रतिबंधित वस्तुएँ परीक्षा हॉल/कक्ष में नहीं लाई जानी चाहिए । इस सूचना का पालन न होने पर इसे परीक्षा में अनुचित साधनों का प्रयोग माना जाएगा और उनके विरुद्ध कार्यवाही की जाएगी, परीक्षा रद्द करने सहित ।
9. पूछे जाने पर प्रत्येक परीक्षार्थी, निरीक्षक को अपना प्रवेश-पत्र दिखाएँ ।
10. केन्द्र अधीक्षक या निरीक्षक की विशेष अनुमति के बिना कोई परीक्षार्थी अपना स्थान न छोड़ें ।
11. कार्यरत निरीक्षक को अपना उत्तर पत्र दिए बिना एवं हाज़िरी-पत्र पर दुबारा हस्ताक्षर किए बिना परीक्षार्थी परीक्षा हॉल/कक्ष नहीं छोड़ेंगे । यदि किसी परीक्षार्थी ने दूसरी बार हाज़िरी-पत्र पर हस्ताक्षर नहीं किए, तो यह माना जाएगा कि उसने उत्तर पत्र नहीं लौटाया है और यह अनुचित साधन का मामला माना जाएगा । **परीक्षार्थी अपने बाएँ हाथ के अंगूठे का निशान हाज़िरी-पत्र में दिए गए स्थान पर अवश्य लगाएँ ।**
12. इलेक्ट्रॉनिक / हस्तचालित परिकलक का उपयोग वर्जित है ।
13. परीक्षा हॉल/कक्ष में आचरण के लिए परीक्षार्थी बोर्ड के सभी नियमों एवं विनियमों द्वारा नियमित हैं । अनुचित साधनों के सभी मामलों का फैसला बोर्ड के नियमों एवं विनियमों के अनुसार होगा ।
14. किसी हालत में परीक्षा पुस्तिका और उत्तर पत्र का कोई भाग अलग न करें ।
15. **परीक्षा सम्पन्न होने पर, परीक्षार्थी हॉल / कक्ष छोड़ने से पूर्व उत्तर पत्र कक्ष-निरीक्षक को अवश्य सौंप दें । परीक्षार्थी अपने साथ इस परीक्षा पुस्तिका को ले जा सकते हैं ।**

**READ THE FOLLOWING INSTRUCTIONS CAREFULLY:**

1. The manner in which the different questions are to be answered has been explained in the Test Booklet which you should read carefully before actually answering the questions.
2. Out of the four alternatives for each question, only one circle for the correct answer is to be darkened completely with **Black/Blue Ball Point Pen** on **Side-2** of the OMR Answer Sheet. The answer once marked is not liable to be changed.
3. The candidates should ensure that the Answer Sheet is not folded. Do not make any stray marks on the Answer Sheet. Do not write your Roll No. anywhere else except in the specified space in the Answer Sheet.
4. Handle the Test Booklet and Answer Sheet with care, as under no circumstances (except for discrepancy in Test Booklet Code or Number and Answer Sheet Code or Number), another set will be provided.
5. The candidates will write the correct Test Booklet Code and Number as given in the Test Booklet / Answer Sheet in the Attendance Sheet.
6. A machine will read the coded information in the OMR Answer Sheet. Hence, no information should be left incomplete and it should not be different from the information given in the Admit Card.
7. Candidates are not allowed to carry any textual material, printed or written, bits of papers, pager, mobile phone, electronic device or any other material except the Admit Card inside the examination hall/ room.
8. Mobile phones, wireless communication devices (even in switched off mode) and the other banned items should not be brought in the examination halls/ rooms. Failing to comply with this instruction, it will be considered as using unfair means in the examination and action will be taken against them including cancellation of examination.
9. Each candidate must show on demand his / her Admit Card to the Invigilator.
10. No candidate, without special permission of the Centre Superintendent or Invigilator, should leave his / her seat.
11. The candidates should not leave the Examination Hall/ Room without handing over their Answer Sheet to the Invigilator on duty and sign the Attendance Sheet twice. Cases where a candidate has not signed the Attendance Sheet second time will be deemed not to have handed over the Answer Sheet and dealt with as an unfair means case. **The candidates are also required to put their left hand THUMB impression in the space provided in the Attendance Sheet.**
12. Use of Electronic / Manual Calculator is prohibited.
13. The candidates are governed by all Rules and Regulations of the Board with regard to their conduct in the Examination Hall/Room. All cases of unfair means will be dealt with as per Rules and Regulations of the Board.
14. No part of the Test Booklet and Answer Sheet shall be detached under any circumstances.
15. **On completion of the test, the candidate must hand over the Answer Sheet to the Invigilator in the Hall / Room.** ***The candidates are allowed to take away this Test Booklet with them.***